સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

વિશ્વને વિતાવે વિટંબણા કોરોના વાઘ બારસ!
ગર્જના ગુમાનની ટ્રંપને ગળી ગઈ વાઘ બારસ!
ધૂજાવે સ્વાર્થના રાજકારણને વાઘ બારસ -
ભરાવે નખ, ચૂંથી નાખ્યું અર્થતંત્ર, વાઘ બારસ

ડરાવે સૌને
આ દિવાળીનું દ્વાર -
વાઘ બારસ!

કરો પૂજન -
શ્રદ્ધાને વિશ્વાસથી
વાઘ બારસ

હાઈકુ

ચિંતન

યસ્ય નાસ્તિ સ્વયં પ્રજ્ઞા શાસ્ત્ર તસ્ય કરોતિ કિમ્ ।
લોચનાભ્યાં વિહીનસ્ય દર્પણઃ કિં કરિષ્યતિ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નાવલીમાંથી લેવામાં આવેલ છે.

જેને પોતાની સહજ બુદ્ધિ ન હોય, તેને ભલા શાસ્ત્ર શું કરી શકવાનું? જેને બે આંખો નથી, તેને દર્પણ શું કરી શકશો??

જેના બુદ્ધિ જ નથી એ શાસ્ત્રોનો અભ્યાસ કરે તો પણ કંઈ જ ગતાગમ પડતી થી જેમ કે જેને આંખ જ નથી તે દર્પણમાં જોયા કરે તો પણ વ્યર્થ જ છે.

સુવિચાર

- જો લોગ આજ આપકો દેખ કર હસતે હૈ... વો લોગ કલ આપકો દેખતે રહ જાયેંગે... - **સુરેશ મૌલી**
- ધારણાઓ બાંધવાથી તમારી જાતને દૂર રાખવાનો ઉપાય પ્રશ્નો પૂછવાનો છે - **એન્જલ રુઈઝ**
- પ્રાર્થના એ આપણા જીવન અને મહાન આત્માનું હાર્દિક સંગીત છે - **લીના એન્ડ્રુઝ**
- તમારા 'ઘાવ' ને ડહાપણમાં બદલાવી નાખો - **ઓપ્રા વિન્ફ્રે**
- બાળકો તમારું સાંભળતા નથી તેની ચિંતા ન કરો,
  ચિંતા એ કરો કે તેઓ તમારું અવલોકન કરે - **સંત રોબિન**
- ધ્યેય વિનાનું જીવન કેવળ મૃત્યુની રાહ જોતું હોય છે - **જીવન પાથેય**
- આજનું ઔષધ : મસૂરની દાળ કાચા દૂધમાં પીસીને તે પેસ્ટ ચહેરા પર નિયમિત લગાડવાથી ચામડી પરના ડાઘ મટે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

કેન્સર હોસ્પિટલના સર્જને જહોન વેન શેલ્ટરનું નિદાન કરતા કહ્યું તમને કેન્સર થયું છે. અને તમારી પાસે જીવવા માટે છ એક મહિના જ હશે. જહોને મક્કમ અવાજમાં જવાબ આપતા કહ્યું, 'માફ કરજો ડૉકટર સાહેબ. આપની વાત હું સ્વીકારતો નથી. ભલે મને કેન્સર થયું હોય પણ હું એક વર્ષથી વધુ તો જીવીશ જ.' એંશી વર્ષના જહોન આનંદમાં જીવન વિતાવવા લાગ્યા. ભલે તેમનું શરીર ક્ષીણ થઈ રહ્યું હતું પણ તેમના ચહેરા પર એક અલૌકિક આનંદ સૌ જોઈ શકતા હતા. એક વર્ષ પસાર થયું અને લોકો તેમને 'જીવંત ચમત્કાર' તરીકે જોવા લાગ્યા. પત્રકારે એમને આનું રહસ્ય પૂછ્યું ત્યારે જહોને કહ્યું, 'પ્રથમ વિશ્વયુદ્ધ વખતે તેઓ ઘાયલ સૈનિકોની છાવણીમાં કામ કરતા હતા. કોઈ સૈનિકનો હાથ કપાયો હોય, કોઈને એક આંખ ફૂટી ગઈ હોય તેમ છતાં તે સૈનિકોનો જીવન જીવવાનો જુસ્સો કાલિબ એ દાદ હતો. જહોને આનું રહસ્ય શોધી કાઢ્યું હતું. ઘાયલ સૈનિકો એમની શારીરિક સ્થિતિ વિછે વિચારતા જ નહોતા. તેઓ જાણે પોતાને શરીરની પીડાથી મુક્ત કરી મોજમાં જીવતા હતા.' જહોને પત્રકારને કહ્યું, 'મેં તેમની પાસેથી આ વાત અપનાવી લીધી છે. શરીરનો હું ગુલામ નથી. પણ શરીર મારું ગુલામ છે. મેં એટલું શીખી લીધું છે કે શરીરે કેમ વર્તવું એ મારે નક્કી કરવાનું છે. મને પણ પીડા થાય છે ત્યારે હું એ પીડાને કહું છું ચૂપ થઈ જા... અત્યારે હું સુંદર સવાર માણી રહ્યો છું... વગેરે...' પત્રકારે નોંધ્યું કે જહોન પોતાના શરીરની વેદનાને હુકમ આપીને અંકુશમાં રાખે છે અને આથી તેઓ વર્ષથી વધુ જીવ્યા છે.

ભાજપનું માઈક્રોમેનેજમેન્ટ લાજવાબ

તંત્રીસ્થાનેથી...

મૂળ મહારાષ્ટ્રના વતની અને દક્ષિણ ગુજરાતમાં આજીવિકા રળવા સ્થિર થયેલા સી.આર. પાટીલને પ્રદેશ ભારતીય જનતા પાર્ટીનું સુકાન સોંપાયું ત્યારે ઘણાએ આશ્ચર્ય અનુભવ્યું હતું. અત્યાર સુધી ચાલતાં આવેલાં જ્ઞાતિવાદી અને પ્રદેશવાદી સમીકરણોનો છેદ ઉડાડી દઈ ભાજપના હાઈકમાન્ડે એક એવા મુત્સદ્દી નેતાને ગુજરાત ભાજપની બાગડોર સોંપી દીધી હતી જેમને દક્ષિણ ગુજરાત બહારના કાર્યકર્તાઓ પણ બહુ બહુ તો નામથી જ ઓળખતા હતા. વારંવાર મોટા માર્જિનથી સંસદની બેઠક પર ચૂંટાઈ આવનારા પાટીલ પાર્ટીના 'ફંડ રેઈઝર' હતા એની પણ બહુ ઓછાને ખબર હશે. પોલીસ કોન્સ્ટેબલથી શરૂ કરેલી કારકિર્દી અખબારના માલિક અને વગદાર સાંસદ પર્યંત પહોંચ્યા પછી પણ પાટીલના નમાના ક્યાંય ડંકા નહોતા વાગતા. ઊલટાના એમની સામે ચાલતા ખટલા અખબારોમાં ચગતા રહેતા. નેપથ્યે રહી પરિણામલક્ષી કામગીરી બજાવનારા આ નેતાને પેટા ચૂંટણી અને કોરોનાકાળ જેવા વિકટ સમયે પાર્ટીનું સુકાન સોંપીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જોખમ ખેડ્યું છે એવું ખુદ ભાજપનાં વર્તુળોમાં ચર્ચાતું રહેતું હતું. પરંતુ જવાબદારી સંભાળતાંની સાથે પાર્ટીનું સંગઠન સરકારને આદેશ કરી શકે છે તેવું નિદર્શન કરી બતાવીને પાટીલે ધાક જમાવી એટલું જ નહીં, એમણે પેટાચૂંટણીવાળી બેઠકોની જવાબદારી પણ મંત્રી સ્તરના અગ્રણીઓને સોંપીને કોરોનાકાળમાં ઘર પકડીને બેસી ગયેલા કાર્યકર્તાઓને ગજબનો ઉત્સાહ પ્રગટાવ્યો. કેટલીવાર એમની જ રેલીઓમાં કોરોના પ્રોટોકોલનો ભંગ થયો અને ખુદ પાટીલને સંક્રમિત થઈ હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી. આખરે ચૂંટણી તો લોકતાંત્રિક યુદ્ધ જ છે. એમાં શહીદ થવાની તૈયારી સાથે, માથે કફન બાંધીને નીકળનારા જ પાર ઊતરે. ભક્ત કવિ પ્રીતમ કહે છે એવો આ 'હરિનો મારગ' છે, એ શૂરાનો છે - એમાં કાયરનું કામ નથી. પાટીલે અલબત્ત, આયાતી ઉમેદવારો પ્રત્યે પ્રારંભિક તબક્કે થોડોક સૈદ્ધાંતિક અણગમો પણ દર્શાવ્યો હતો અને હવે પછી કોંગ્રેસમાંથી ઉમેદવારો આયાત કરવાનું બંધ કરાશે એવો સધિયારો પણ પાર્ટીના પાયાના કાર્યકરોને આપ્યો હતો. પરંતુ એમની સામે પહેલો જ પડકાર તો એ આઠે આઠ બેઠકો જીતી બતાવવાનો હતો, જે મૂળે કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્યોનાં રાજીનામાંથી ખાલી પડી હતી અને જેમને એકાદ-બે બેઠકો બાદ કરતાં એ જ બેઠક પરથી ભાજપના નિશાન પર ચૂંટણી લડાવાઈ રહી હતી. પાર્ટીએ એના રાજ્યસભાના ત્રીજા ઉમેદવારને જિતાડવા માટે આ ખેલ પાડ્યો હતો. જે પાણીને મગ ચડે એ પાણીએ ચડાવવાના હતા. પ્રજા માનસમાં આ રીતે સોદાબીજી કરીને રાજકારણ ખેલતા નેતાઓ પ્રત્યે બહુ અહોભાવ નથી હોતો. વિપક્ષ પાસે તો પોતાના જ ધારાસભ્યો વેચાઈ ગયા - ખરીદાઈ ગયાના આક્ષેપોનો તોપમારા સિવાય કોઈ મુદ્દો હતો જ નહીં. રૂપાણી સરકાર સામે આમ પણ વિપક્ષને ખાસ ફરિયાદ નથી. પરંતુ જે આઠ બેઠકો કોંગ્રેસને નિશાન પર જિતાયેલી હતી એ રાજ્યસભાની ચૂંટણી વખતે સાચવી ન શકાઈ અને પૂર્વ પ્રદેશપ્રમુખ ભરતસિંહ સોલંકી હારી ગયા - એની પીડા વર્તમાન પ્રદેશ પ્રમખ કે જેઓ એમના પરિવારના સભ્ય છે એમના માટે અસહ્ય જ હોય તે સમજી શકાય એમ છે. વળી પ્રદેશ પ્રમુખને કટ ટુ સાઈઝ બનાવી ચૂંટણીના સ્ટાર પ્રચારક બનાવ્યા એ મુદ્દો પણ સિનિયર કોંગ્રેસી આગેવાનોને ખૂંચતો જ હોય. કોંગ્રેસના શતમુખ વિનિપાત પાછળનું એક મહત્ત્વનું કારણ જૂથબંધી રહ્યું છે. ભાજપના કાર્યકર્તાઓ પ્રદેશ પ્રમુખ અને મુખ્યમંત્રી - નાયબ મુખ્યમંત્રીના આદેશને નરેન્દ્ર મોદીનો આદેશ ગણીને બધા ભેદભાવ ભૂલી જઈ આયાતી ઉમેદવારોને પણ વિજય બનાવી શકે છે, તે આ પેટા ચૂંટણીએ સાબિત કરી દીધું. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતાઓ 'માઈક્રોમેનેજમેન્ટ' સાથે ચૂંટણી લડે છે. 'પેજપ્રમુખ' નો વિચાર જ કેવો રળિયામણો છે! મતદારયાદીના એક પેજ પર જેટલા મતદાતા હોય એટલાની જવાબદારી એમના પૈકીના એક મતદાતાને જ સોંપાય, પછી એ જવાબદારી વિસ્તરી છેક પ્રદેશ પ્રમુખ સુધી પહોંચે. સી.આર. પાટીલે આઠે આઠ બેઠકો કબજે કરવાનો સંકલ્પ સિદ્ધ કર્યા પછી આગામી સામાન્ય ચૂંટણી વખતે ગુજરાતની તમામ ૧૮૨ બેઠકો કબજે કરવાનો સંકલ્પ પણ કરેલો છે. આયોજનપૂર્વક ચૂંટણી લડવાની કળા નરેન્દ્ર મોદી અને અમિત શાહની વિચક્ષણ શોધ છે. કોંગ્રેસ અંધારામાં ફાંફાં મારતી રહે છે અને ભારતીય જનતા પાર્ટી એમનાં ખેતર ભેળાવી ઠેર ઠેર કમલ ઉગાડતી રહે છે. ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય નેતાગીરીને બિહાર સહિત તમામ પેટા ચૂંટણીઓમાં ઝળહળતી ફતેહ મેળવીને એક નવો ઈતિહાસ સર્જ્યો છે.

પ્રકાશ ભણી પગ માંડો, પડછાયો પાછળ રહેશે

લાગણીનો મેળો
રસિક વાળંદ

નવા વર્ષે હર્ષે,
નવા કો ઉત્કર્ષે, હૃદય, ચલ ! માંગલ્ય પથ આ
નિમંત્રે; ચકો ત્યાં કર ગતિભર્યા પ્રેમરથનાં.
નવી કો આશાઓ,
નવી આકાંક્ષાઓ પથ પર લળૂંબી મૃદુ રહી.
મચી રહેશે તારી અવનવલ શી ગોઠડી તહીં!
- ઉમાશંકર જોશી

●●●

નૂતન વર્ષનો શુભારંભ

નૂતન વર્ષ. ૨૦૭૭ આપ સૌ માટે સુખાકારી અને પ્રસન્નકર બની રહેતેવી શુભકામનાઓ.

દોસ્તો, નવા વર્ષની ઊજવણી કરવા પાછળનો આશય એ જ છે કે આપણે નવા વિચારો પ્રતિ ગતિ કરતા શીખીએ... જીવનની કરવટ બદલીએ. ઘણું ન ગમે તેવું ગત વર્ષમાં બન્યું હશે પરંતુ એ ભૂલીને નવા વિચાર સાથે કશુંક મનગમતું કરવાની શુભ શરુઆત કરીએ તો ખરા અર્થમાં નવા વર્ષનું સ્વાગત કર્યું કહેવાશે.

પ્રતિવર્ષ થોડા પરિપક્વ થઈએ.... જિંદગીમાં કંઈક નવું ઉમેરીએ... ગયું એ ગયું.... ઘણું બધું ભૂલી... ઘણું ભૂંસી... કંઈક નવું ચીતરીએ... ચાતરીએ... ઉદાસી - અણગમાને ખંખેરો, સુખ, આનંદ, ખુશી તો આસપાસ છુપાઈને ઊભી છે. નવા શમણાં, નવી આશ અને નૂતન શક્તિની ઝળહળીએ... સમયની સાથે આપણે ખીલીએ... ઉગીએ...

હવે તારીખિયું ને કેલેન્ડરના ડટ્ટા Out of Date થઈ ગયા હશે... સમય ડિઝિટલ બની ગયો છે... ચૂપચાપ સરકી રહ્યો છે. આંકડા ઝડપથી બદલાઈ રહ્યા છે... પરિવર્તન સંસારનો નિયમ છે... ઘડિયાળના કાંટા આગળ ધપે છે પણ... આપણે ?! જીવનમાં વર્ષો ઉમેરાતાં જાય છે... વર્ષોમાં જીવન ઉમેરતાં આવડ્યું ખરું?!!

સરકતો સમય આપણી પકડમાં ન આવે... આપણે સમયની આંગળી પકડી ચાલતાં શીખીએ... જતૂ વર્ષ આપણને કહી જાય છે... ગયું એ ગયું... જરાક પાછા વળીને જોઈશું તો સારું-માઠું, ગમતું - અણગમતું, સરવાળા - બાદબાકી જે દેખાશે પણ... હવે એનો કોઈ મતલબ નથી. નવું વર્ષ આપણને કહે છે, જૂનું ખંખેરો... નહિ તો એના ભાર હેઠળ દબાઈ મરશો.

નૂતન વર્ષ એટલે જીવતર મઠારવાની તક... નવા સંકલ્પો લઈ નવું કરવાની તમન્ના. સ્થળૂ સંકલ્પો તો ઘણા બધા લઈએ છીએ પરંતુ મારી દૃષ્ટિએ કરવા જેવો એક સંકલ્પ એ છે કે હું કદી કરમાઈશ નહીં... નિત્ય ખિલેલો જ રહીશ... જીવતો રહીશ... ધબકતો રહીશ... હું સદાય પ્રસન્નચિત્ત રહીશ.

મિત્રો, કદી આયના સામે ઊભા રહી જાત સામે જ કદી હાસ્ય વેર્યું છે ખરું? હસતો ચહેરો - પ્રસન્નવદન કેટલું સુંદર લાગે છે! તો પછી હસવાની માત્રા આપણે વધારી ખરી? નૂતન વર્ષે થોડુંક વધારે હસવાનું - પ્રસન્ન રહેવાનો સંકલ્પ લઈએ.

દોસ્તો, જીવતર વહી રહ્યું છે... પ્રાપ્ત ને માણી લો... એકાદ વિસરાયેલા સંબંધને પુનઃ જીવંત કરો... તમારી આસપાસ એક એવો ચહેરો નક્કી કરો જેને આખી જિંદગી સતત પ્રેમ કરીશ. આવડા મોટા જગતમાં એકાદ વ્યક્તિ આપણી અમાનત હોય! સાથે સાથે નફરતની માત્રા નામશેષ કરી નાખીએ... માફ કરતાં શીખીએ.... થોડુંક જતું કરીને ઘણું બધું મેળવી શકાય છે... એ ન ભૂલશો.

આજકાલ મોટે ભાગે 'રૂટિન લાઈફ' અને 'શેડ્યુઅલ ટાઈટ' જ હોય છે... 'હોલિડે' તો બહુ ઓછા લોકોના ભાગ્યમાં જ હોય છે. બધું જ ગતાનુગતિક .... અરે, ઓફિસ, દુકાન કે કામ પર જવાનો માર્ગ પણ રોજનો એક જ હોય છે... એકના એક રસ્તે ચીલે ચીલે ચાલ્યા જવું... નવા વર્ષે રસ્તો તો બદલી જુઓ, આપણને બદલવાની ઘણી તકો મળે છે પણ આપણી જડતા જડબેસલાક વળગેલી છે!!! આપણી માંહ્યલી સંવેદનાને પ્રજ્જવલિત રાખીએ... નહિ તો એય ચીમળાઈ જશે... જિંદગીનો અહેસાસ કરતાં શીખો... અનુભૂતિની આવડત કેળવીએ... નહિ તો ધીરે ધીરે બરછટને બેડોળ થઈ જશું. નૂતન વર્ષ આપણને જીવતરની નજીક લઈ

અનુસંધાન પાના નં. ૭ પર

આપણે નવી પેઢીને, પરંપરા પ્રત્યે પ્રેમ અને આદરની મૂલ્યવાન ભેટ આપવાની છે

અબીલ-ગુલાલ
મમતા રાવલ

એક સમય હતો જ્યારે દિવાળીમાં સાંજે જમવાનું - કામકાજ પતાવી ફટાકડા ફોડ્યા પછી રાત્રે નવ-દસ વાગે રંગોળી બનાવવાની શરૂઆત કરતા...મોટી-વિશાળ રંગોળીને વધુમાં વધુ સરસ કેવી રીતે બનાવી શકાય એ ગડમથલો અને મહેનત, આહા ! મોડી રાત્રે પોતાની રંગોળી પૂરી કરી શેરી-મહોલ્લા-સોસાયટી-ગામમાં બીજાની રંગોળી જોવા નીકળવાનો ઉત્સાહ થાક ભૂલાવી દેતો...રસ્તાઓ પર રંગોળી જોનારાઓ ને કારણે મેળા જેવો માહોલ જર્તાતો. આમ જ લગભગ પરોઢ થઈ જતું. વળી દિવાળીમાં સવારે સમયસર ઊઠી જવાની બા-દાદાની શીખનું પાલન કરવાનું પણ દબાણ (સ્વીકૃત) રહેતું. ઊઠીને નાહી-ધોઈ ને મંદિર દર્શન કરવા જવાનું. સરસ નવા કપડાં પહેરવાના, રોજ સરસ જમવાનું બનાવાનું-જમવાનું. કુટુંબ સાથે ભેગા મળીને આનંદ કરવાનો એનું નામ દિવાળી. આવી રીતે દિવાળીના દિવસોની ઊજવણી એવી સભરતા આપી જાય કે બીજા આખા વર્ષ માટે નો ઉમંગ, મન-હૃદય-શરીરના કણ-કણમાં વ્યાપી જાય...

આ એ યાદો છે જે આજે પણ જીવન ને ધબકતું રાખે છે. આજે પણ દિવાળીમાં ઉલ્લાસનો અનુભવ કરાવે છે. કોઈ પણ કારણ થી છવાતી ઉદાસી-આળસ-નિરસતા ને ભગાડે છે.

વર્ષ ૨૦૨૦ નું દિવાળી પર્વ શરૂ થઈ ચૂક્યું છે. આ દિવાળી પણ યુનીક છે. કદાચ હાલ હયાત એવી ત્રણેક પેઢીએ આવી દિવાળી નહીં જોઈ હોય. અત્યારે અનેક બંધનો છે, વાતાવરણમાં ભય-ચિંતા છવાયેલી છે. અનેક કુટુંબો શોકમગ્ન છે. બધું જ છતાં પણ સમય તો સમયનું કામ કરે જ છે. નવરાત્રી આવી અને ગઈ, હવે દિવાળી આવી પહોંચી છે. નવરાત્રીમાં જાહેર ગરબા ન થઈ શક્યા પણ માતાજીની આરાધના ખૂબ થઈ. વાતાવરણમાં સતત ગરબાનો ગુંજારવ રહ્યો. જ્યાં સ્વીકૃતિ હતી ત્યાં વાતાવરણમાં નર્તન પણ હતું જ. હવે દિવાળીમાં દિવા જેમ દૈદિપ્યમાન થવાનું છે. અને અનેક જીવન દિપાવવાના છે.

અસત્યો માંહે થી પ્રભુ પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારે થી પ્રભુ પરમ તેજે તું લઈ જા

આ પ્રાર્થના સાથે મનમાં ગતિ અને ઉલ્લાસ ભરીને આ પર્વ મનાવવાનું છે.

દરેક દેશની, સંસ્કૃતિની, દરેક ધર્મની પરંપરા ધોરી માર્ગ સમાન હોય છે. જે જીવનને ફંટાતું અટકાવે છે. નિરર્થકતાના અહેસાસ માંથી બચાવે છે. અકસ્માતો થી બચીને દોડવાની દિશા જાળવી રાખવામાં મદદરૂપ બને છે. સંજોગો ભલે ગમે તે હોય...પરંતુ દરેક તહેવાર સાથે જોડાયેલી પરંપરા નિભાવતા જઈએ તો પણ જીવન ઘણું સરળ, અને પ્રમાણમાં આનંદમય રહી શકે છે.

દિવાળી દિવા અને રંગોનું પર્વ છે. ઉબર પૂજી ને, રંગોળી કરીને શુભત્વ ને આવકારી એ. દિવા પ્રગટાવી અંદર અને બહારના તમસ ને ભગાડીએ. ફટાકડા ફોડવાની ક્રિયા મનમાં વિજયનો ભાવ પ્રેરે છે. પર્યાવરણની પરિસ્થિતી જોતાં, એની ચિંતા સ્વરૂપે આપણે એનો વધુ ઉપયોગ ટાળીએ પરંતુ પરિવારમાં હાસ્ય ના ફટાકડાની રમઝટ બોલાવી દઈએ. આ વર્ષે ફિલ્મો જોવા કે રેસ્ટોરન્ટસમાં જવાનું નથી. તો રંગોળી બનાવવાની સુંદર તક ઝડપી લેવા જેવી છે. આંગણામાં રોજ આકર્ષક રંગોથી નવી-નવી રંગોળી પૂરી સર્જન નો આનંદ લઈએ. મન ના ભાવો ને મનભાવન રંગોના માધ્યમથી વહેતા મૂકીએ.

આ વર્ષે દરેક જૂની પરંપરા ને સજીવન કરવાની સુંદર તક છે. આપણે નવી પેઢીને, પરંપરા પ્રત્યે પ્રેમ અને આદરની મૂલ્યવાન ભેટ આપવાની છે. આપણે પોતે આ પ્રત્યેક પરંપરાનું પાલન કરીશું, આનંદ લઈશું તો જ બાળકો માટે એ પ્રેરણારૂપ સ્મૃતિ બનશે. એ સિવાય તે બીનજરૂરી બીન ઉપયોગી રિવાજોમાં ખપી જશે.

ઘરની સફાઈ સજાવટ પૂજન-દર્શન અલગ-અલગ દિવસો એ અલગ-અલગ એટલે કે ઘી/તેલ ના દીવા, ઉબર પૂજન, તોરણ, સબરસનું મહત્વ...અને રંગોળીના માધ્યમથી થતી અભિવ્યક્તિનો આનંદ લઈ શકીએ તો સાચા ભારતીય કહેવાઈશું.

હમણાં જ આપણે જેમને ગુમાવ્યા એ શબ્દના આરાધક ફાધર વાલેસે વિદેશી હોવા છતાં ભારતીય તહેવારો વિશેનું ચિંતન, અભ્યાસ રજૂ કરતું સરસ પુસ્તક લખ્યું છે. જેમાં તેમણે ભારતીય તહેવારોમાં છૂપાયેલા ગુઢાર્થો રજૂ કર્યા છે. પ્રત્યેક પરંપરા પાછળનું વિજ્ઞાન એક વિદેશી વ્યક્તિને ધ્યાનમાં આવ્યું. તો આપણે પોતે તો એ પરંપરા ના જ ભાગ છીએ. એનું ગૌરવ આપણને હોવું જ જોઈએ. આપણે આપણી પરંપરાના વાહક બનવાનું છે. પ્રચારક બનવાનું છે. એને ખૂબ સુંદર યાદો સ્વરૂપે આપણા બાળકો, નવી પેઢીમાં રોપવાનું છે.

જીવનને જીવંત રાખતી, ઉલ્લાસ પ્રેરતી, એકધારા દોડ્યા જતાં જીવનમાં એક મઝાના પડાવ સ્વરૂપ આપણી પારંપારિક ઉજવણીઓ આપણા માટે ખજાના સમાન છે. આપણી પાસે અવેલેબલ સ્ત્રોત્રોના ઉપયોગ થકી આપણે એ ઊજવણીઓ ને આનંદ થી ભરી દેવાની છે. આ વર્ષે જ્યારે દિવાળીની ઉજવણી સંપૂર્ણ પણે ઘરમાં જ રહીને કરવાની છે. ત્યારે બાળપણના દિવસોને યાદ કરી ઉજવણીમાં જોડાઈએ. આનંદ કરીએ.

સહુ વાંચક મિત્રોને દિવાળી તેમજ નવા વર્ષની ખૂબ-ખૂબ શુભેચ્છા.

નોંધ : રિચાર્ડ કાલસનની વાતો માણીશું આવતા લેખથી...

આયુર્વેદ દિવસ નિમિત્તે

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

સપરમા દિવસો શરુ થઈ ગયા છે. આજે વાકબારશ અને કાલે ધનતેરસ. ધનતેરસને દિવસે લક્ષ્મીમાતાની પૂજા થાય તેમજ ભગવાન ધન્વંતરિની પણ પૂજા થાય. ધનતેરસ એટલે આયુર્વેદ દિવસ પણ ખરો. આયુર્વેદ એટલે આપણી ધરોહર, આપણું ગર્વ. છેલ્લા ચાર પાંચ હજાર વર્ષોથી જે નિરંતર ભારતવર્ષમાં લોકો દ્વારા અપનાવાયું છે તે આયુર્વેદ. જરા વિચાર તો કરો, કોઈ પણ નાની-મોટી વસ્તુ કે સિસ્ટમ દસ-વિસ કે પચાસ વર્ષે આઉટડેટેડ થઈ જાય. ખાલી ૨૫ વર્ષમાં આપણે બ્લેક એન્ડ વ્હાઇટ ટીવીના યુગમાંથી સ્માર્ટફોન અને ફાઇવજી ના યુગમાં આવી ગયા, અને હજુ પચીસ વર્ષ પછી આ બધું પણ આઉટડેટ થઈ જવાનું છે. એની સામે આયુર્વેદ છેલ્લા પાંચ હજાર વર્ષોથી અડીખમ છે. હજારો વર્ષો પહેલા લખાયેલ ચરક સંહિતા, સુશ્રુત સંહિતા જેવા અનેક આયુર્વેદિક ગ્રંથો આજે પણ એટલા જ સચોટ અને પ્રાસંગિક છે. એ પછી કડુ-કરિયાતું હોય કે સિતોપલાદિ હોય, આ બધું જ હજારો વર્ષો પહેલા લખાયેલ છે અને આજે પણ શરદી તાવ આવે એટલે આપણે એ હોંશે હોંશે લઈએ છીએ. આમ, આયુર્વેદ એ આપણા લોહીમાં છે. આપણી પેઢી દર પેઢીમાં આયુર્વેદ વહેતુ આવ્યું છે. જે અમુક વિચિત્ર કહેવાય તેવા લોકો કે જે આયુર્વેદને ખોટું ગણે છે કે વખોડી કાઢે છે તેને ખાલી એટલું જ કહેવાનું કે જો આયુર્વેદ ખોટું કે અપ્રાસંગિક હોત તો તે પણ પચાસ-સો વર્ષે આઉટડેટ થઈ ગયું હોત.

આજે તો આયુર્વેદ વધુ ફુલ્યું ફાલ્યું છે. કોરોનાના કપરા કાળમાં આયુર્વેદિક દવાઓ, ઉકાળાઓ અને આયુર્વેદિક લાઈફ સ્ટાઇલને લોકો વધુ અપનાવતા થયા છે. લોકો પોતાના આહાર વિહારની બાબતમાં વધુ કોન્શિયસ બન્યા છે. આપણા વડાપ્રધાનથી માંડીને અનેક લોકોએ ઇમ્યુનીટી વધારવા માટે આયુર્વેદને અપનાવવાની અપીલ કરી છે. આમ, કોરોનાના સમયમાં એવું બન્યું છે કે આયુર્વેદ ફ્રન્ટલાઈનમાં બહાર આવ્યું છે. લોકો પોતાના ઘરની બહાર નીકળીને સામે ચાલીને આયુર્વેદ અપનાવવા લાગ્યા છે. એક સમય હતો જ્યારે લોકો સંપૂર્ણ રીતે આયુર્વેદને સમર્પિત હતા. પોતાના આહાર-વિહારમાં પણ આયુર્વેદમાં કહેલ નિયમિતતા રાખતા. જરૂર પડ્યે સાત્વિક અને ઓછી આડઅસરવાળા આયુર્વેદિક ઔષધોનો જ ઉપયોગ કરતા, અને આ કારણે લોકો વધુને વધી નિરોગી રહેતા, આનંદિત રહેતા. એ પછી વચ્ચેનો ગાળો એવો આવ્યો જેમાં બહારની પ્રજા જેમકે અંગ્રેજોએ જાણી-જોઈને આયુર્વેદને નીચું બતાવવાનો તર્ક રચ્યો અને લોકોને આયુર્વેદથી દૂર કર્યા અને ફરજિયાતપણે એલોપેથી દવાઓના રવાડે ચઢાવ્યા. પછી એવું થયું કે કેક નાનકડી બીમારી હોય તોયે એન્ટિબાયોટિક્સ અને ઈન્જેક્શન. આમ થતા શરીરની પોતાની ડિફેન્સ સિસ્ટમ નબળી પડતી ગઈ. પણ વખત જતા લોકોને ખ્યાલ આવ્યો કે આપણે આપણા મૂળથી જુદા થઇ ગયા છીએ, અને ફરી ધીમે ધીમે લોકો બિનજરૂરી એલોપેથિક દવાઓને છોડીને આયુર્વેદ અપનાવવા લાગ્યા. અને આ કોરોનાકાળમાં તો જાણે કે મોટા ભાગના લોકોને ખ્યાલ આવી ગયો કે આયુર્વેદને અનુસરવાથી સ્વાસ્થ્ય કેટલું ઉત્તમ રાખી શકાય છે. જે અનેક વર્ષો અગાઉ થવું જોઈતું હતું એ હવે ધીમે ધીમે થઈ રહ્યું છે તેનો આનંદ.

અહીં એલોપેથી અને આયુર્વેદની સરખામણીનો સવાલ નથી. કોઈને ઉતારી પાડવાની પણ વાત નથી. એલોપેથી ઇમર્જન્સીમાં શ્રેષ્ઠ છે જ પણ જે જુના-હઠીલા અને ક્રોનિક રોગો કે જેમાં એલોપેથીદાવાઓ પાસે ઈલાજ નથી તે આયુર્વેદ વડે મટી શકે છે. આ યુગ દરેક પદ્ધતિના ગુણ-દોષોને જાણીને તેના ગુણોને અપનાવવાનો છે. આવતી કાલે આયુર્વેદ દિવસ છે તે નિમિત્તે તેમજ દિવાળી અને નવવર્ષ નિમિત્તે પણ આપણે વર્ષોથી ચાલી આવતી આપણી આયુર્વેદની પરંપરાને વધુ પોંખીએ, વધુ અનુસરીએ અને વધુને વધુ સ્વસ્થ રહીએ તેવી સૌ ને શુભેચ્છાઓ.

(મો) ૯૮૭૯૪૭૧૧૪૭

બાંકડા વિચારે છે, કેવી હશે દિવાળી !



મનના ઉમંગો
રણછોડ પરમાર

આજે પ્રસન્નભાઈ સૌથી પહેલાં આવી ગયા છે. તેમના હાથમાંનું પેમ્ફલેટ હવામાં ફરફરી રહયું છે. ત્યાં કરશનભાઈ આવે છે.

કરશનભાઈઃ-ઓહો! પ્રસન્નભાઈ તમે આજ સૌથી પહેલા આવી ગયા છો? (પેમ્ફલેટ હાથમાં જોતાં) તમેય કવિતા લખી છે કે શું?

પ્રસન્નભાઈઃ- અરે ભાઈ ! હું ક્યાંથી કવિતા લખવાનો ? આ તો સૂકા મેવાનું પેમ્ફલેટ છે. મારા પડોશીએ

મને વળગાડ્યું છે. લ્યો વાંચો.

પ્રસન્નભાઈ : શું વાંચો ? કોરોનામાં બધાય સૂકાઈ ગયા છે. ત્યાં સૂકા મેવા ક્યાંથી ખાવાના ?

એટલામાં કરશનભાઈ, દર્શનભાઈ અને નવનીતલાલ આવે છે.

નવનીતલાલઃ અરે ! આજે તો કવિતાની ચર્ચા ચાલે છે. મારી ગઈ વખતની વાત હજુ ભૂલાઈ નથી.

ગજબ કહેવાય મારી કવિતા આટલી બધી લોકપ્રિયતા ધારણ કરશે એવી તો મને કલ્પના પણ નથી.

કરશનભાઈ : હે રામ ! અહી કોઈ કવિતાની ચર્ચા કરતું નથી. બલ્કે સૂકા મેવાની વાત ચાલે છે.

નવનીતભાઈ : એમ ? આજે સૂકા મેવા ખાવાના છે ? તો ભાઈ, એમ કરો પહેલાં ચા પી લઈએ પછી સૂકો મેવો ખાઈશું. કોણ લાવ્યું છે સૂકો મેવો ?

પ્રસન્નભાઈઃ- અરે ભાઈ ! કોઈ સૂકો મેવો લાવ્યું નથી. હું આ સૂકા મેવાનું ભાવપત્રક લાવ્યો છું.

એટલામાં હર્ષદભાઈ અને પરવતભાઈ આવે છે.

હર્ષદભાઈ : ઓહો ! નવનીતભાઈ ને બધાયે આવી ગયા છે ને ? કાંક સૂકા મેવા અને ચાની વાત ચાલતી લાગે છે. કોણ ખવરાવે છે સૂકા મેવા ? અને કોણ ચા પીવરાવવાનું છે. જો કવિતા પતી ગઈ હોય તો ચા મંગાવો યાર ! બરાબર ને પરબતભાઈ? કરશનભાઈ : સૂકા મેવા તો ભાઈ, કોઈ ખવડાવવાનું નથી, પણ ચાનું તમે સારું યાદ કરાવી દીધું. ઘણા સમયથી તમારી ચા પીધી નથી. આજની ચા તો ભાઈ તમારે જ પીવરાવવાની છે.

હર્ષદભાઈ : (મનમાં) એ કાકાએ મને ચા ચોટાં